રે.દી.મુ.નં. ૧૫૪/૨૦૨૧ ના કામે સી.પી.સી. ઓર્ડર ૭ રૂલ ૧૧ વાળી આંક–૫૧ વાળી અરજી નીચે હુકમ

---

શૈલેષભાઈ ચંદુભાઈ જેઠવા વિ.(કુલ–૨૦) ..........વાદી

વિ.

ખુમાણ પીઠાભાઈ વાજસુરભાઈ કાઠી વિદ્યાર્થી ભવન
સાવરકુંડલા વિ.કુલ–૯ ..........પ્રતિવાદીઓ

---

વાદી તરફે વિ.વ.શ્રી ડી.એમ.ભટ્ટ
પ્રતિવાદી નં.૧, ૫, ૬, ૭, ૯ તરફે વિ.વ.શ્રી બી.આર.મહેતા

---

(૧) વાદીઓ દાવાવાળી દુકાનના કહેવાતા ભાડુત હોય અને પ્રતિવાદી નં.૧ ટ્રસ્ટ હોય અને દાવાવાળી મિલકત પ્રતિવાદી નં.૧ ટ્રસ્ટની હોય, તેમજ પ્રતિવાદી નં.ર થી ૯ વાળા તે પ્રતિવાદી નં.૧ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ હોય, બંન્ને પક્ષકારો વચ્ચે માલીક અને ભાડુઆતની તકરાર ચાલતી હોય જે સંદર્ભે વાદીએ હાલનો દાવો દાખલ કરેલ છે અને વાદીનો સદર દાવો રદ કરવા પ્રતિવાદી તરફે સીવીલ પ્રોસીઝર કોડની કલમ–૭ રૂલ–૧૧ અન્વયે હાલની અરજી કરેલ છે.

(૨) પ્રતિવાદી તરફે રજુ થયેલ હાલની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, પ્રતિવાદી નં.૧ ટ્રસ્ટ હોય સમાજ સેવાના કાર્ય કરી દાન ભેટ મેળવી વિદ્યાર્થીઓનો ખર્ચ ઉઠાવતી હોય, પ્રતિવાદી ટ્રસ્ટને આવક થાય તે હેતુથી ટ્રસ્ટની મિલકતમાં દુકાનો ઉતારી ભાડે આપેલી. પરંતુ તે જર્જરીત થઈ જતાં નગરપાલીકા ધ્વારા સદર મિલકત ઉતારી લેવા તાકીદ કરવામાં આવેલી. જેથી પ્રતિવાદી નં.૧ ટ્રસ્ટે દુકાનનો કબજો ધરાવતા દરેક ઈસમોને વકીલશ્રી મારફત અલગ અલગ નોટીસો મોકલેલી અને તેનો વાદીઓએ અલગ અલગ જવાબ આપેલો. વધુમાં દાવાઅરજીમાં પણ વાદી જણાવે છે કે, વાદીઓ પ્રતિવાદી ટ્રસ્ટની અલગ અલગ દુકાનોના ભાડુઆત દરજજે કબજો ધરાવે છે અને અલગ અલગ ધંધો કરે છે. આમ દરેક વાદીનુ કાયદાકીય સ્ટેટશ અલગ અલગ હોય, જેથી દરેક વાદીનુ દાવાનુ કારણ પણ અલગ અલગ હોય, એટલે કે બધા વાદીઓને એક સાથે દાવો દાખલ કરવાનુ કોઈ કારણ કાયદા પ્રમાણે ઉપસ્થિત થયેલ ન હોય, જો સદર દાવો એકસાથે ચલાવવામાં આવે તો ગુંચવાડો ઉભો થાય તેમ હોય, હાલના વાદીઓને સંયુકતપણે દાવો દાખલ કરવા સામે કાયદાની જોગવાઈનો બાધ નડતો હોય, સી.પી.સી. ઓર્ડર–૭ રૂલ–૧૧(ડી) અન્વયે સદર દાવો રદ કરવા હુકમ કરવા અરજ કરેલ છે.

(૩) જયારે વાદી તરફે સદર અરજી પરત્વે આંક–૫૩ થી જવાબ રજુ કરેલ છે. જેમાં મહદ અંશે પ્રતિવાદીની હકીકતોનો ઈન્કાર કરી વિશેષમાં જણાવેલ છે કે, સી.પી.સી. ઓર્ડર–૧ રૂલ–૧ મુજબ એક જ કામ કે કાર્યવાહીના સબંધમાં અથવા તેમાંથી ઉપસ્થિત થતાં અથવા અનેક કામો કે કાર્યવાહીના સબંધમાં અથવા તેમાંથી ઉપસ્થિત થતા દાદ માંગવાના કોઈપણ હકક એવી વ્યકિતઓ પાસે સંયુકત રીતે, વ્યકિતગત રીતે અથવા એક નહી તો બીજાની પાસે હોવાનુ કહેવાનુ હોય ત્યારે અને એવી વ્યકિતઓ જુદો

જુદો દાવો માંડે તો કાયદાનો અથવા હકીકતનો કોઈ સમાન પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે એક જ દાવામાં બધી વ્યકિતઓને વાદી તરીકે સામેલ કરી શકાય. હાલના દાવામાં દરેક વાદીઓનુ સમાન દાવાનુ કારણ સંયુકત રીતે ઉભુ થયેલ છે. વાદીઓની મુખ્ય તકરાર એવી છે કે, દાવાવાળી મિલકતનો કબજો કાયદેસરનો છે જે કાયદેસરની પ્રક્રિયા અનુસર્યા વગર પ્રતિવાદીઓ વાદીના કબજા ભોગવટામાં અડચણ અટકાયત ન કરે અને નુકશાન ન કરે તેમજ દાવાવાળી મિલકત જરૂર પડયે રીપેરીંગ કરાવી આપે વિકલ્પે વાદીઓ પોતાના ખર્ચે રીપેરીંગ કરાવે તેવી પરવાનગી મેળવવાની દાદ માટે દાવો દાખલ કરેલ છે. હાલની અરજી નિર્ણીત કરતાં સમયે માત્ર દાવા અરજી જ ધ્યાને લેવી જોઈએ. જયારે વાદીએ હાલની અરજીમાં ''દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં'' તેવું લખેલ છે. આમ તમામ વાદીઓના દાવાનુ કારણ એક સાથે ઉત્પન્ન થયેલ હોય, દરેક વાદીઓની દાદ સમાન હોય, સી.પી.સી. ઓર્ડર–૧ રૂલ–૧ મુજબ તમામને એક જ દાવામાં વાદી તરીકે જોડી શકાય તેમ હોય, વાદીઓને એક જ દાવો કરવા કોઈ પ્રતિબંધ ન હોય, હાલની અરજીને સી.પી.સી. ઓર્ડર–૭ રૂલ–૧૧(ડી) નો બાધ નડતો ન હોય પ્રતિવાદીની હાલની અરજી ખર્ચ સહ રદ કરવા અરજ કરેલ છે.

(૪) ત્યારબાદ બંન્ને પક્ષના વિ.વ.શ્રીની રજુઆત ધ્યાને લીધી. પ્રતિવાદીપક્ષ તરફે તેમના વિ.વ.શ્રીએ તેમની હાલની અરજી મુજબની રજુઆત કરી વિશેષમાં જણાવે છે કે, ૨૦ વાદીઓએ ૨૦ અલગ અલગ મિલકત પરત્વે સંયુકત દાવો દાખલ કરેલ છે. વધુમાં જણાવે છે કે, સી.પી.સી. ઓર્ડર–૧ રૂલ–૧ મુજબ વાદીએ દાવામાં તમામ માંગણી કરી લેવી જોઈએ, તે મુજબની જોગવાઈ છે. જયારે હાથ પરના કેસમાં દરેક વાદીની મિલકત અલગ અલગ હોય, તેથી દાવો દાખલ કરવાનુ કારણ પણ અલગ અલગ ઉભુ થયેલ હોય, વાદીના દાવાને સી.પી.સી. ઓર્ડર ૨ રૂલ–૨ ની કાયદાકીય જોગવાઈનો બાધ નડતો હોય, સી.પી.સી. ઓર્ડર ૭ રૂલ–૧૧ મુજબ વાદીનો દાવો ખર્ચ સહીત રદ કરી હાલની અરજી મંજુર કરવા અરજ કરેલ છે. **જયારે** વાદીના વિ.વ.શ્રીએ તેમના આંક–૫૩ વાળા જવાબ મુજબની રજુઆત કરી વિશેષમાં જણાવે છે કે, નગરપાલીકાએ જર્જરીત મિલકત (દાવાવાળી મિલકત) ઉતારી પાડવા પ્રતિવાદીને એક નોટીસ આપેલી તે નોટીસ આધારે પ્રતિવાદીએ તમામ વાદીઓને એક સમાન નોટીસ આપેલ છે. જેથી વાદીઓને દાવાનુ કારણ પણ સમાન અને એક તારીખે ઉભુ થયેલુ છે. દાવાની દાદ તમામને સમાન લાગુ પડે છે. સી.પી.સી. ઓર્ડર–૧ રૂલ–૧ મુજબ સમાન દાદ અને સમાન કોઝ ઓફ એકશન હોય ત્યારે વાદી એક દાવો લાવી શકે તેવી જોગવાઈ છે. હાથ પરના કેસમાં પણ વાદીઓની દાદ એક સમાન હોય સી.પી.સી. ઓર્ડર–૧ રૂલ–૧ મુજબ ચાલવાપાત્ર હોય, પ્રતિવાદીની અરજી ખર્ચ સહીત રદ કરવા અરજ કરેલ છે. તેઓએ તેમની દલીલના સમર્થનમાં (૧)નામ. સુપ્રિમ કોર્ટના **Prem Lala Nahata & Anr. Vs. Chandi Prasad Sikaria, 2007 (2) SCC 551**, તથા (૨) નામ. સુપ્રિમ કોર્ટના **The Church of**

---

**Christ Charitable Trust & Educational Charitable Society, represented by its chairman Vs. M/s. Ponniamman Educational Trust represented by its chairperson/Managing Trustee, Civil Appeal No.4841 of 2012, Decided on 3-7-2012** તથા (૩)નામ. સુપ્રિમ કોર્ટના **Dahiben Vs. Arvindbhai Kalyanji Bhanusali, Civil Appeal No.9519 of 2019, Decided on 9-7-2020 AIR 2020 Supreme Court, 3310** વાળા ચુકાદાઓની નકલ રજુ કરેલ છે. જે માનપુર્વક વંચાણે લીધા. સદર ચુકાદાઓની આગળ ઉપર ચર્ચા કરેલ હોય જેથી તેનુ પુનરાવર્તન ટાળવા અત્રે તેની ચર્ચા કરેલ નથી.

(૫) રેકર્ડ પરની હકીકત ધ્યાને લીધી તથા બંન્ને પક્ષની વિસ્તૃત દલીલ સાંભળી. પ્રતિવાદીપક્ષની હાલની અરજી અનુસંધાને નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

૧) શું વાદીનો દાવો સી.પી.સી.ઓર્ડર-૭ રૂલ-૧૧(ડી)મુજબ રદ થવાને પાત્ર છે?

૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો અને તેનાં કારણો નીચે મુજબ છે.

**-: નિર્ણયો :-**

૧) નકારમાં

૨) આખરી નિર્ણય મુજબ

**-: કારણો :-**

**મુદ્દા નંબર-૧ ની ચર્ચા :-**

(૭) આ તબકકે સદર અરજી પરત્વે સંકળાયેલ કાયદાકીય જોગવાઈઓ પૈકી સી.પી.સી. ઓર્ડર ૭ રૂલ-૧૧ ની કાયદાકીય જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો ...

→→ **C.P.C. ORDER VII RULE 11 :**

**Rejection of plaint. -** The plaint shall be rejected in the following cases: -
(a) Where it does not disclose a cause of action;
(b) where the relief claimed is undervalued, and the plaintiff, on being required by the Court to correct the valuation within a time to be fixed by the court, fails to do so;
(c) Where the relief claimed is properly valued but the plaint is written upon paper insufficiently stamped, and the plaintiff, on being required by the Court to supply the requisite stamp-paper within a time to be fixed by the court fails to do so;
**(d) Where the suit appears from the statement in the plaint to be barred by any law;**

(e) where it not filed in duplicate;
(f) where the plaintiff fails to comply with the provisions of rule 9:
Provided that the time fixed by the court for the correction of the valuation or supplying of the requisite stamp-paper shall not be extended unless the court, for reasons to be recorded, is satisfied that the plaintiff was prevented by any cause of an exceptional nature for correcting the valuation or supplying the requisite stamp-paper, as the case maybe, within the time fixed by the Court and that refusal to extend such time would cause grave injustice to the plaintiff."

→→ વધુમાં આ તબકકે સી.પી.સી. ઓર્ડર ૧ રૂલ–૧ ની જોગવાઈ ઘ્યાને લેવામાં આવે તો

**CPC Order-1 Rule-1. Who may be joined as plaintiffs.** - All persons may be joined in one suit as plaintiffs where-

(a) any right to relief in respect of, or arising out of, the same act or transaction or series of acts or transactions is alleged to exist in such persons, whether jointly, severally or in the alternative; and

(b) if such persons brought separate suits, any common question of law or fact would arise.

→→ વધુમાં આ તબકકે સી.પી.સી. ઓર્ડર ૨ રૂલ–૨ ની જોગવાઈ ઘ્યાને લેવામાં આવે તો

**CPC Order-2 Rule-2. Suit to include the whole claim.** -

(1) Every suit shall include the whole of the claim which the plaintiff is entitled to make in respect of the cause of action; but a plaintiff may relinquish any portion of his claim in order to bring the suit within the jurisdiction of any Court.

(2) **Relinquishment of part of claim.** - Where a plaintiff omits to sue in respect of, or intentionally relinquishes, any portion of his claim he shall not afterwards sue in respect of the portion so omitted or relinquished.

(3) **Omission to sue for one of several reliefs.** - A person entitled to more than one relief in respect of the same cause of action may sue for all or any of such reliefs; but if he omits, except with the leave of the Court, to sue for all such reliefs, he shall not afterwards sue for any relief so omitted.

***Explanation.***-For the purposes of this rule an obligation and a collateral security for its performance and successive claims arising under the same obligation shall be deemed respectively to constitute but one cause of action.

*Illustration*

A lets a house to B at a yearly of rent Rs. 1200. The rent for the whole of the years 1905, 1906 and 1907 is due and unpaid. A sues B in 1908 only for the rent due for 1906. A shall not afterwards sue B for the rent due for 1905 or 1907.

(૮) ઉપરોકત કાયદાકીય જોગવાઈ લક્ષ્યમાં લેતાં, પ્રતિવાદીપક્ષે જયારે સી.પી.સી. ઓર્ડર–૭ રૂલ–૧૧ (ડી) મુજબ અરજી કરેલ હોય ત્યારે પ્રતિવાદીનો જવાબ કે તેમના તરફથી રજુ કરવામાં આવેલ

દસ્તાવેજી આધારો નહી પરંતુ ફકત વાદીની દાવાની હકીકતો આધારે સદર અરજીનો નિર્ણય કરવાનો રહે છે. આથી વાદીઓના દાવાની હકીકતો તથા વાદીએ માંગેલી દાદ ધ્યાને લેવામાં આવે તો, વાદીઓ સાવરકુંડલા નગરપાલીકાના વોર્ડ નં.૭ માં આકારણી નં.૨૫૭૮ થી ૨૫૯૭ માં આવેલ દુકાન નં.૧ થી ૧૫ તથા ૧૭ થી ૨૧ વાળી વાદગ્રસ્ત દુકાનોમાં ભાડુતી હકકે કબજો ભોગવટો ધરાવતા હોય, આ કામના પ્રતિવાદી નં.૧ ટ્રસ્ટ તે આ મિલકતના માલીક હોય, દાવાવાળી મિલકત જર્જરીત હોવાના કારણે ઉતારી લેવા નગરપાલીકા ધ્વારા પ્રતિવાદી ટ્રસ્ટને નોટીસ આપેલ હોય જે નોટીસ અનુસંધાને પ્રતિવાદી ટ્રસ્ટે વાદીઓને નોટીસ આપેલ હોય તેના કારણે હાલનો દાવો દાખલ કરવાનુ કારણ ઉપસ્થિત થયેલ હોય, જેથી વાદીઓએ હાલનો દાવો દાખલ કરેલ છે અને વાદગ્રસ્ત દુકાનોમાં ભાડુતી હકકે કબજો ભોગવટો વાદીઓનો છે તેવુ ઠરાવી આપવા તથા આ વાદગ્રસ્ત મિલકતમાં આવેલ વાદીના કબજા ભોગવટામાં પ્રતિવાદીઓને કાયદેસરની પ્રક્રિયા અનુસર્યા વગર અડચણ અટકાયત કે નુકશાન કરવા અધિકાર નથી તેવું ઠરાવી આપવા તેમજ પ્રતિવાદી વાદગ્રસ્ત મિલકત પોતાના ખર્ચે અને જોખમે રીપેરીંગ કરી આપે વિકલ્પે વાદી પોતે આ મિલકત જાતે રીપેરીંગ કરાવે અને તેનો ખર્ચ ભાડામાંથી મજરે આપે તેવો હુકમ કરવા તેમજ પ્રતિવાદી કે તેમના માણસો વાદીઓને દાવાવાળી મિલકતમાં વાપર ઉપયોગ કરતાં અડપણ અટકાયત ન કરે તેવો કાયમી મનાઈહુકમ મેળવવા માટેની દાદ માંગતો વાદીઓએ હાલનો દાવો કરેલ છે.

(૯) ઉપરોકત હકકીત સાથે પ્રતિવાદીપક્ષની અરજીની હકીકત ધ્યાને લેવામાં આવે તો તેમની મુખ્ય તકરાર એવી છે કે, દાવાવાળી મિલકત કે જેમાં ઘણી બધી દુકાનો આવેલ છે તે જર્જરીત થઈ ગયેલ હોય, નગરપાલીકાએ મિલકત ઉતારી લેવા નોટીસ આપેલ હોય જેથી પ્રતિવાદીએ આ કામના વાદીઓને અલગ અલગ નોટીસ આપેલ હોય અને વાદીઓએ પણ આ નોટીસનો અલગ અલગ જવાબ આપેલ હોય જેથી દાવાનુ કારણ અલગ અલગ ઉપસ્થિત થયેલ હોય દરેક વાદીનુ કાયદાકીય સ્ટેટશ પણ અલગ અલગ હોય આમ છતાં વાદીઓએ એક જ દાવામાં સંયુકતપણે હાલનો દાવો દાખલ કરેલ હોય, જેથી સી.પી.સી. ઓર્ડર ૭ રૂલ-૧૧ (ડી) ની જોગવાઈ મુજબ વાદીનો દાવો રદ કરવો જોઈએ.

(૧૦) પરંતુ દાવાની પ્લીડીંગ્સ ધ્યાને લેતાં, એક જ વ્યવહારની શ્રેણીમાંથી દાવાનુ કારણ ઉત્પન્ન થયેલ હોય તેમ આ તબકકે જણાય છે. વધુમાં વાદીઓની દાદ પણ સમાન છે. વધુમાં સી.પી.સી. ઓર્ડર-૧ રૂલ-૧ ની જોગવાઈ મુજબ જયારે એક જ કૃત્ય અથવા વ્યવહારની શ્રેણીના સબંધમાં કે તેમાંથી ઉત્પન્ન થતી દાદ મેળવવાનો અધિકાર આવી વ્યકિતઓમાં સંયુકત રીતે, અલગ રીતે કે વિકલ્પમાં અસ્તિત્વ ધરાવતો હોવાનુ કહેવામાં આવતુ હોય અને જો આવી વ્યકિતઓ અલગ અલગ દાવો કરે તો કાયદો અથવા હકીકતનો સમાન પ્રશ્ન ઉપસ્થિત થાય તેમ હોય ત્યારે જુદી જુદી વ્યકિતઓ એક જ દાવામાં

વાદીઓ તરીકે જોડાઈ શકે છે. હાથ પરના કેસમાં પણ વાદીઓનુ દાવો દાખલ કરવાનુ કારણ પણ સમાન હોય તેમજ દાદ પણ સમાન હોય સી.પી.સી. ઓર્ડર–૧ રૂલ–૧ ની જોગવાઈ ધ્યાને લેતાં હાલના તમામ વાદીઓ એકસાથે એક જ દાવામાં જોડાઈ શકે તેમ હોય, આ સંજોગોમાં પ્રતિવાદીપક્ષ દલીલ આ તબકકે ગ્રાહય રાખી શકાય તેમ નથી.

(૧૧) વધુમાં પ્રતિવાદીપક્ષે સી.પી.સી. ઓર્ડર–૨ રૂલ–૨ ની જોગવાઈ મુજબ દાવો દાખલ કરવો જોઈએ તેવી દલીલ કરેલ છે. પરંતુ સી.પી.સી. ઓર્ડર–૨ રૂલ–૨ ની જોગવાઈ હાથ પરના કેસને લાગુ પડતી નથી. સી.પી.સી. ઓર્ડર–૧ રૂલ–૧ ની જોગવાઈ ધ્યાને લેતાં, પ્રતિવાદીપક્ષની સદર દલીલ પણ આ તબકકે ગ્રાહય રાખી શકાય તેમ નથી.

(૧૨) વિશેષમાં વાદીપક્ષે તેમની દલીલના સમર્થનમાં **નામ. સુપ્રિમ કોર્ટના Prem Lala Nahata & Anr. Vs. Chandi Prasad Sikaria, 2007 (2) SCC 551** વાળા ચુકાદા ઉપર આધાર રાખેલ છે. સદર ચુકાદો માનપુર્વક વંચાણે લીધો. આ કેસમાં બંન્ને વાદીઓએ પ્રતિવાદીને એક વ્યકિત મારફત રકમ આપેલી જે પરત ન આપતા બંન્ને વાદીઓએ સંયુકત રીતે રકમ વસુલ મેળવવા એક દાવો દાખલ કરેલો. વધુમાં સામાવાળાએ પણ વાદીઓ સામે મની રીકવરી માટે દાવો કરેલો. ત્યારબાદ ત્રણેય દાવાઓ સાથે ચલાવવાનો હુકમ કરવામાં આવેલો. ત્યારબાદ પ્રતિવાદીએ વાદીઓએ દાવાનુ કારણ સમાન નથી તેથી વાદીનો દાવો રદ કરવા અરજી કરેલી. જે વિ. ટ્રાયલ કોર્ટે નામંજુર કરેલી. વધુમાં એવુ પણ ઠરાવેલ કે સી.પી.સી. ઓર્ડર–૧ તથા ૨ ની જોગાવઈ ધ્યાને લેતાં, મીસજોઈન્ડર ઓફ પાર્ટી કે મીસ જોઈન્ડર ઓફ કોઝ ઓફ એકશનના કારણે દાવો રદ ન થઈ શકે પરંતુ કોર્ટને યોગ્ય લાગે તો કોઈપણ તબકકે પક્ષકારને વાદી કે પ્રતિવાદી તરીકે ઉમેરી શકે કે બદલી શકે કે સુધારો કરી શકે. જેથી ત્રણેય દાવા સાથે ચલાવવાનો નામ. સીંગલ જજનો હુકમ કન્ફર્મ રાખેલ. હાથ પરના કેસમાં પણ વાદીઓનુ કોઝ ઓફ એકશન સાથે ઉત્પન્ન થયેલ છે, દાદ સમાન છે. આ સંજોગોમાં વાદીપક્ષને સદર ચુકાદો મદદરૂપ બનતો હોય, પ્રતિવાદીપક્ષની વાદીનો દાવો રદ કરવાની અરજ ગ્રાહય રાખી શકાય તેમ નથી.

(૧૩) વિશેષમાં વાદીપક્ષે તેમની દલીલના સમર્થનમાં **નામ. સુપ્રિમ કોર્ટના The Church of Christ Charitable Trust & Educational Charitable Society, represented by its chairman Vs. M/s. Ponniamman Educational Trust represented by its chairperson/Managing Trustee, Civil Appeal No.4841 of 2012, Decided on 3-7-2012** વાળા ચુકાદા ઉપર આધાર રાખેલ છે. સદર ચુકાદો માનપુર્વક વંચાણે લીધો. સદર ચુકાદામાં પુરતુ કોઝ ઓફ એકશન જણાવેલ ન હોય, નામ. સીંગલ જજે સી.પી.સી. ઓર્ડર ૭ રૂલ–૧૧ હેઠળની પીટીશન રદ કરેલી. જેમાં નામ. હાઈકોર્ટની

ડીવીઝન બેન્ચે નામ. સીંગલ જજનો હુકમ સેટે સાઈડ કરેલો. જે હુકમ સામે નામ. સુપ્રિમ કોર્ટમાં અપીલ દાખલ થતાં, નામ. સુપ્રિમ કોર્ટે નામ. સીંગલ જજનો હુકમ કાયમ કરેલો. વધુમાં આ કેસમાં એવું પણ ઓબ્જર્વ કરેલુ કે જયારે સી.પી.સી. ઓર્ડર ૭ રૂલ–૧૧ ની અરજી નિર્ણીત કરવાની હોય ત્યારે માત્ર પ્લેઈન્ટની વિગત જ કન્સીડર કરવાની થતી હોય છે. અલબત સી.પી.સી. ઓર્ડર ૭ રૂલ–૧૧ ની અરજી નિર્ણીત કરવાની હોય ત્યારે માત્ર પ્લેઈન્ટની વિગત જ કન્સીડર કરવાની હોય છે તે સિધ્ધાંત સિવાય સદર કેસની હકીકત અને સંજોગો અલગ અલગ હોય વાદીપક્ષને સદર ચુકાદો આ તબકકે મદદરૂપ બનતો નથી.

(૧૪) વિશેષમાં વાદીપક્ષે તેમની દલીલના સમર્થનમાં નામ. **સુપ્રિમ કોર્ટના Dahiben Vs. Arvindbhai Kalyanji Bhanusali, Civil Appeal No.9519 of 2019, Decided on 9-7-2020 AIR 2020 Supreme Court, 3310** વાળા ચુકાદા ઉપર આધાર રાખેલ છે. સદર ચુકાદો માનપુર્વક વંચાણે લીધો. સદર ચુકાદાવાળા કેસમાં વાદીએ સને ૨૦૦૯ માં પ્રતિવાદીને મિલકતનુ રજીસ્ટર્ડ સેલ ડીડથી વેચાણ કરેલુ તેનુ પ્રતિવાદીએ ચેકથી ચુકવણી કરેલી. ત્યારબાદ સદર મિલકત પ્રતિવાદી નં.૧ વાળાએ પ્રતિવાદી નં.૨ તથા ૩ ને વેચાણ કરી દીધેલી. ત્યારબાદ પ્રતિવાદી નં.૧ વાળાએ કરી આપેલ સેલ ડીડના વેચાણ પેટેની અવેજની તમામ રકમ ચુકવેલ ન હોય સદર સેલ ડીડ કેન્સલેશન માટે વાદીએ સને ૨૦૧૪ માં દાવો દાખલ કરેલો. ત્યારબાદ પ્રતિવાદી નં.૨ તથા ૩ વાળાએ લીમીટેશનના ગ્રાઉન્ડ ઉપર દાવો રદ કરવા સી.પી.સી. ઓર્ડર ૭ રૂલ–૧૧ મુજબની અરજી કરેલી. જે અરજી નામ. ટ્રાયલ કોર્ટે મંજુર કરેલી. જે હુકમ સામે નામ. હાઈકોર્ટમાં ફર્સ્ટ અપીલ કરતાં, નામ. હાઈકોર્ટે પણ ટ્રાયલ કોર્ટનો નિર્ણય કન્ફર્મ રાખેલ. જે હુકમ સામે નામ. સુપ્રિમ કોર્ટમાં અપીલ કરતાં, તેમાં ઓબ્જર્વ કરેલ કે મીનીંગલેસ લીટીગેશન હોય, કલેવર ડ્રાફટીંગ કરી ઈલ્યુઝરી કોઝ ઓફ એકશન હોય તો જયુડીશ્યલ ટાઈમ વેસ્ટ કરવા આવા લીટીગેશનને પરમીશન આપી શકાય નહી અને ટ્રાયલ કોર્ટનો તથા નામ. હાઈકોર્ટનો હુકમ કન્ફર્મ રાખેલ. અલબત સદર કેસની હકીકત અને સંજોગો અલગ અલગ હોય વાદીપક્ષને સદર ચુકાદો આ તબકકે મદદરૂપ બનતો નથી.

(૧૫) આમ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ **નામ. સુપ્રિમ કોર્ટના Prem Lala Nahata & Anr. Vs. Chandi Prasad Sikaria, 2007 (2) SCC 551** વાળા ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત તથા સી.પી.સી. ઓર્ડર–૧ રૂલ–૧ ની જોગવાઈ ધ્યાને લેતાં, વાદીના દાવાને રીજેકટ કરવા માટેના સી.પી.સી. ઓર્ડર ૭ રૂલ ૧૧(ડી) ના તત્વો આ તબકકે આકર્ષાતા ન હોય, પ્રતિવાદીની હાલની અરજી આ તબકકે મંજુર કરવી યોગ્ય ઉચિત અને ન્યાયી જણાતી ન હોય, મુદ્દા નંબર–૧ નો નિર્ણય ''નકારમાં'' આપુ છુ અને મુદ્દા નંબર–૨ પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

---

**–:: આખરી હુકમ ::–**

૧) પ્રતિવાદીની આંક–૫૧ વાળી સી.પી.સી. ઓર્ડર ૭ રૂલ ૧૧ હેઠળ કરેલ અરજી આથી **નામંજુર** કરવામાં આવે છે.

૨) હાલની અરજીનો ખર્ચ દાવાનાં પરિણામને અનુસરશે.

આ હુકમ આજરોજ તા.૨૯ મી માહે જાન્યુઆરી સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કરવામાં આવ્યો.

સાવરકુંડલા
તા.૨૯–૦૧–૨૦૨૬

**(દિપેન જ્યોતિન્દ્રભાઈ દોશી)**
એડીશ્નલ સીનીયર સીવીલ જજ, સાવરકુંડલ
જજ કોડ–જીજે૦૧૨૮૮.